# શહેરમાં મેઘ મહેર યથાવત : દોઢ ઈંચ વરસાદ







**મોસમનો કુલ ૧૪૦ મી.મી. વરસાદ નોંધાયો : શહેરીજનોએ મન ભરીને વરસાદને માણ્યો**

ગાંધીનગર, તા. ૨

શહેરમાં સતત ત્રીજા દિવસે પણ મેઘ મહેર યથાવત રહેતા ખુશીનો માહોલ જોવા મળ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. રવિવારની રજા અને વરસાદી માહોલનો આનંદ શહેરીજનોએ દાળવડા-ભજીયાની જયાફત ઉડાવી માણ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. રવિવારે બપોરે ૧૧થી ૧૨.૩૦ વચ્ચે ભારે ઝાપટુ પડ્યુ હતુ. જ્યારે સમગ્ર દિવસ દરમ્યાન ઝરમર વરસાદ વરસતો રહ્યો હતો.

સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ છવાયો છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. મોડે મોડે પણ ગાંધીનગર-અમદાવાદમાં સારો



એવો વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં સતત વરસાદી માહોલ છવાયો છે. ક્યારેક ધીમીધારે તો ક્યારેક ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સતત આહલાદક વાતાવરણ રહેતા નગરજનો વરસાદી માહોલને પુરેપુરો માણી રહ્યા છે. વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે.

સતત આહલાદક વાતાવરણને માળવા નગરજનો દાળવડા, ભજીયા અને ગોટાની જયાફત ઉડાવી રહ્યા છે. આહલાદક વાતાવરણની સાથે સાથે વરસાદના કારણે નગરજનોને હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યા છે. સેક્ટર-૨૪, સેક્ટર-૨૫ સહિતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. સેક્ટરોના આંતરિક માર્ગો પર અને નીચાણળાવા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સતત વરસાદના કારણે માર્ગ પરનો ડામર કેટલાક વિસ્તારોમાં ઉખડી જતા વાહનચાલકોને તકલીફ પડી હતી. હજુ આગામી ૪૮ કલાક દરમ્યાન શહેરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આજે મહત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમામ ૨૬ ડિ.સે. રહ્યુ હતુ. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૩૬ મી.મી. વરસાદ નોંધાયો છે. આ સાથે જ મોસમનો કુલ વરસાદ ૧૪૦ મી.મી. સુધી પહોંચ્યો છે.



# ચારેય તાલુકામાં ખેતીલાયક વરસાદ

**આજે દિવસ દરમ્યાન માણસા, કલોલ અને ગાંધીનગરમાં ૧ થી ૧॥ ઈંચ વરસાદ નોંધાયો : જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ખેતીલાયક વરસાદ થતાં પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે દિવસ દરમ્યાન પણ ચારેય તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી ઓછો વરસાદ દહેગામમાં નોંધાયો હતો. જ્યારે ગાંધીનગર, કલોલ અને માણસામાં એક થી ૧॥ ઈંચ જેટલો વરસાદ દિવસના ૮ થી સાંજના ૪ વચ્ચે નોંધાયો હતો.

વરસાદ આજે મોટા ફોરા સાથે પડ્યો હતો. આને પગલે ગામના તળાવમાં પાણીની આવક થવા પામી છે. જોકે ઠેર ઠેર પાણી ભરાઈ જવાની વાતો પણ બહાર આવી છે. આજે થયેલા વરસાદની સીધી અસર જનજીવન પર પડી હતી. વરસાદને પગલે લોકોને રજા હોવા છતાં ઘરમાં જ રહેવાની ફરજ પડી હતી.

ગાંધીનગર તાલુક્માં ૩૩ મિ.મિ. કલોલમાં ૩૨ મિ.મિ., માણસામાં ૨૬ મિ.મિ. તો દહેગામમાં ૬ મિ.મિ. વરસાદ આજે સવારે ૮ થી સાંજના ૪ દરમ્યાન નોંધાયો છે.

આજે દિવસ દરમ્યાન વરસાદનુ પ્રથમ ધીમીધારનો નોંધાયો હતો પરંતુ બપોર પછી તેની ગતિમાં સારો એવો વધારો નોંધાયો હતો અને જેને પગલે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે વાહન-વ્યવહાર પણ ધીમો પડ્યો હતો. જિલ્લામાં વરસાદને પગલે વીજળી પણ બંધ થઈ જવા પામી હતી. જો કે વાતાવરણમાં ઠંડક પ્રસરતાં લોકોએ રાહત અનુભવી છે.



# ટેક્ષટાઈલ પ્રદર્શન સેન્ટરને વરસાદી પાણીએ ઘમરોળ્યું

**મુલાકાતીઓ પરેશાન : આખરી દિવસે પ્રદર્શન સેન્ટરમાં ખાલીપો : આંતરિક માર્ગોને વરસાદી પાણીએ ઘમરોળી નાંખ્યા : વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે મુલાકાતીઓને હાલાકી : માર્ગોના લેવલીંગના અભાવે ઢીંચણ સમા પાણી ભરાયા**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના આંગણે આયોજિત ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ એક્સ્પોમાં આજે વરસાદી પાણી ફરી વળ્યા હતા. શહેરમાં આજે ભારે વરસાદના પગલે ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાયા હતા. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાય હતા. જયારે પ્રદર્શન સ્થળે આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. જયારે મુલાકાતીઓ પણ ગોથે ચઢયા હતા. સે -૧૭ હેલીપેડ મેદાન સ્થિત પ્રદર્શન સ્થળે આંતરિક માર્ગોના લેવલીંગના અભાવે વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. જયારે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે મુલાકાતીઓ મુંઝવણમાં મુકાયા હતા. વરસાદની અસર વચ્ચે આજે રજાના દિવસે પ્રદર્શનમાં મુલાકાતીઓની નહીંવત હાજરી જણાંઇ હતી. નગરમાં આજે સતત બીજા દિવસે પણ મેઘરાજાનુ આગમન થયુ હતુ. જયારે ગઈકાલે ઝરમર વરસ્યા બાદ આજે મેહુલિયાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. જેના લીધે સેકટરોમાં પલવારમાંજ પાણી પાણી થઈ ગયુ હતુ. સવાર થી ઝરમર વરસાદ ચાલુ રહયો હતો. જયારે બપોરના સમયે વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી ભરાયા હતા. સેકટરોમાં પણ મુખ્ય માર્ગો સહીત સર્વિસ રોડ તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. બીજીતરફ ટેક્ષટાઇલ આયોજિત પ્રદર્શનમાં આજે વરસાદી માહોલની ભારે અસર જોવા મળી લીધે કેટલાક ઠેકાણે ગોઠણ સુધીના પાણી ઉભરાયા હતા. પાણીના



એકસ્પોના આખરી દિવસે મુલાકાતીઓની પાંખી હાજરી જોવા મળી હતી. અલબત્ત વરસાદી માહોલમાં મુલાકાતીઓ વિખેરાઇ ગયા હતા. જયારે કેટલાક માર્ગ વચાળે થી જ પરત ફર્યા હતા. સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન પર હતી. સમગ્ર વિસ્તાર વરસાદી અસરથી પ્રભાવિત થયો હતો. પ્રદર્શન સેન્ટરના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થતા મુલાકાતીઓની મુંઝવણ વધી હતી. પ્રદર્શન સેન્ટરના આંતરિક માર્ગોનુ યોગ્ય લેવલીંગ ન હોવાના નિકાલ માટે પેથાપુર નગરપાલિકાના ટેન્કરને કામે લગાડવામાં આવ્યુ હતુ. પરંતુ વરસાદનુ જોર વધુ હોવાથી સતત પાણીનો ભરાવો રહયો હતો. પ્રદર્શન સેન્ટર પર વરસાદી પાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા ન

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની શાળાઓમાં ત્રીજા વર્ષે પણ પોરાશોધક સ્પર્ધાઓ યોજવામાં આવશે

**વાહકજન્ય રોગચાળા નિયંત્રણ માટે બાળકો સાથે તંત્ર સક્રિય ભાગીદારીથી આગળ વધવા કટિબધ્ધ : જિલ્લાના સાત વિસ્તારો ડેનગ્યુ માટે સંવેદનશીલ**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં પોરાશોધક સ્પર્ધા યોજી વાહકજન્ય રોગચાળા નિયંત્રણમાં બાળકોની સક્રિય ભાગીદારી સાથે આગળ વધવામાં આવશે.

જિલ્લો સ્પ્રે મુકત બન્યા પછી અને ૨૦૨૨માં મેલેરિયા મુકત રાજય બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે તંત્ર દ્વારા જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે અલાયદી વ્યુહરચના તેના નિયંત્રણ માટે તૈયાર કરવામાં આવી છે.

હાલ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં વાહકજન્ય રોગચાળા અંગે વકતૃત્વ સ્પર્ધાઓ ચાલી રહી છે. જિલ્લામાં સારો વરસાદ પણ થઈ ચુકયો છે અને આગામી દિવસોમાં મચ્છરોના પોરા પણ જોવા મળશે. આ સ્થિતિનો ધ્યાનો રાખી હવે પોરાશોધક સ્પર્ધા શાળા કક્ષાએ યોજવા માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં પોરાશોધક સ્પર્ધા છેલ્લા ત્રણેક વર્ષથી યોજવામાં આવી રહી છે અને તેના સારા પરીણામો મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. જિલ્લામાં મેલેરિયાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો એ પણ સિધ્ધિ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લામાં એબેટ ડે ની ઉજવણીનો હજુ વધુ સઘન બનાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

દરમિયાન જિલ્લામાં ડેનગ્યુ વિરોધી માસની ઉજવણીનો આરંભ થઈ ચુકયો છે. મળતી વિગતો પ્રમાણે તંત્રએ જિલ્લાના સાત જેટલા વિસ્તારોને ડેનગ્યુ માટે અતિ સંવેદનશીલ ગણી અને ત્યાં જનજાગૃતિ અભિયાન સહિતના પગલાંઓ માટે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

આ સંવેદનશીલ વિસ્તારોમાં મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે ખાનગી બાંધકામ સાઈટના સંચાલકોને પત્ર લખી જાણ કરવામાં આવી છે. એટલું જ નહિ આ વિસ્તારોમાં એબેટની કામગીરીની સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્શ
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com